જા.ન/પગાર/ડેટા/મે/૨૦૨૩/ 5644

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી
એ/૩, જિલ્લા સેવાસદન-૨
અઠવાલાઇન્સ,સુરત
તા.25/૦૪/૨૦૨૩.

પ્રતિ,
આચાર્યશ્રી,
સુરત જિલ્લાની ગ્રાન્ટેડ પ્રાથમિક/માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક/પ્રાયોગિક શાળા/
સંસ્કૃત પાઠશાળા તરફ.

વિષય:- માહે મે-૨૦૨૩ પેઈડ ઇન જુન-૨૦૨૩ માટે પગારનાં ડેટા રજુ કરવા બાબત.

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે, આ કચેરી હસ્તક આવેલ સુરત જિલ્લાની ગ્રાન્ટેડ પ્રાથમિક/માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક/પ્રાયોગિક શાળા/સંસ્કૃત પાઠશાળા માટે માહે મે-૨૦૨૩ પેઈડ ઇન જુન-૨૦૨૩ માટે પગારનાં ડેટા નીચે મુજબની તારીખે સ્વીકારવામાં આવશે. તે મુજબ સમય મર્યાદામાં પગારનાં ડેટા બિનચૂક રજુ કરવા આથી જણાવવામાં આવે છે.

| ક્રમ | તારીખ/વાર | શાળા નંબર | સ્થળ | સમય |
|---|---|---|---|---|
| ૧ | તા.૦૨/૦૫/૨૦૨૩ મંગળવાર | ૧ થી ૧૧૨ તથા ૨૪૯,૨૫૦,૨૫૧,૨૫૪,૨૫૬, ૨૫૮, ૩૦૧ | ટી એન્ડ ટી વી સાર્વજનિક હાઈસ્કુલ,નાનપુરા,સુરત | સવારે ૧૧-૦૦ થી ૦૩-૦૦ સુધી |
| ૨ | તા.૦૩/૦૫/૨૦૨૩ બુધવાર | ૧૧૩ થી ૨૨૯ તથા ૨૫૨,૨૫૭,૨૬૧,૨૭૩ | બી એ બી એસ સાર્વજનિક હાઈસ્કુલ,બારડોલી,સુરત | સવારે ૧૧-૦૦ થી ૦૩-૦૦ સુધી |

નોંધ:-પગાર ડેટા રજુ કરતી વખતે નીચે મુજબની સૂચનાઓનું પાલન કરવાનું રહેશે.

- સદર માસનાં ડેટા રજુ કરતી વખતે આ સાથે સામેલ પ્રમાણપત્ર ફરજીયાતપણે રજુ કરવાનું રહેશે. જે શાળા સદર નમૂના મુજબનું પ્રમાણપત્ર રજુ કરશે નહીં તે શાળાના પગારનાં ડેટા સ્વીકારવામાં આવશે નહિ. જેની ખાસ નોંધ લેશો.
- સુરત જિલ્લાની ગ્રાન્ટેડ માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં જે કોઈ કર્મચારીઓનાં નવા સી.પી.એફ.(C.P.F) નંબર ફાળવવામાં આવેલ હોઈ, તેવાં કર્મચારીઓનાં સી.પી.એફ. નંબર ઉપર કપાત કરવાનાં ડેટા રજુ કરતાં પહેલા ફરજીયાતપણે પગારશાખામાં સદર કર્મચારીઓનો સી.પી.એફ. (C.P.F) નંબર એકટીવ થયેલ છે કે કેમ તે ચેક કરવ્યા બાદ જ ડેટા રજુ કરવા જણાવવામાં આવે છે. જેની ખાસ નોંધ લેશો.
- પગાર ડેટા શાળાનાં પગાર સબંધિત કામગીરી સંભાળતા કર્મચારી દ્વારા જ રજુ કરવાનાં રહેશે અથવા શાળાનાં આચાર્યશ્રી દ્વારા રજુ કરવાનાં રહેશે. સબંધિત કામગીરી કરતા કર્મચારી/આચાર્યશ્રી શાળામાં ન હોય તો પગાર ડેટા રજુ કરવા માટે મોકલવામાં આવતાં કર્મચારીને સદર કામગીરી માટે ઓથોરીટી આપી મોકલવાનાં રહેશે. જેની શાળાનાં આચાર્યશ્રીએ નોંધ લેવી.

- માહે-એપ્રિલ-૨૦૨૩ નું ઓનલાઈન બીલની પ્રિન્ટ કાઢી તેનો સંપૂર્ણ અભ્યાસ કરી પગાર ડેટા રજુ કરવાનાં રહેશે. ડેટા રજુ કર્યા બાદ તેમાં સુધારા વધારા થઇ શકશે નહિ. સમયમર્યાદા બાદ ડેટા સ્વીકારવામાં આવશે નહિ.
- શાળા દ્વારા રજુ કરવામાં આવતાં પગાર ડેટાનાં દરેક પત્રકો પર શાળા કોમ્પ્યુટર કોડનાં સિક્કા અવશ્ય કરવા.
- શાળા દ્વારા રજુ કરવામાં આવતાં પગાર ડેટાનાં પત્રકોમાં એમ્પ્લોય નંબર,બજેટ કોડ,ડેટા ટાઇપ,કંપની કોડ વગેરે ચોકસાઈપૂર્વક અને ક્ષતિરહિત ભરવાનાં રહેશે. જેની ખાસ નોંધ લેશો.

હિસાબી અધિકારી(વર્ગ-૨)
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી
સુરત,જિલ્લો-સુરત.

<u>બીડાણ:-</u> પ્રમાણપત્ર

# પ્રમાણપત્ર

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, અમારી સંસ્થા ________________માં માધ્યમિક વિભાગ/ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં______________આચાર્યશ્રીઓનાં_________શિક્ષકો______ ________કલાર્ક___________પટાવાળાઓનાં પગાર માહે.________________દરમિયાન અમારી સંસ્થાનાં ઉકત કર્મચારીઓ પૈકી કોઈ કર્મચારીનું અવસાન થયેલ નથી તથા કોઈ કર્મચારીઓની પગારની કપાત કરવાની રહેતી નથી. જે બદલ આ પ્રમાણપત્ર આપવામાં આવે છે.

આચાર્યશ્રીના સહી અને સિક્કા